| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૩૦/૦૮/૨૦૨૪ |
| કેસ રજી.લીધા તા. | ૩૦/૦૮/૨૦૨૪ |
| ઠરાવ જાહેર કર્યા તા. | ૦૭ / ૦૩ /૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ : માસ : દિવસો :<br>૦૧ – ૦૬ – ૦૮ |

**ભિલોડાના નામદાર એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની**
**કોર્ટ સમક્ષ,ભિલોડા,જી.અરવલ્લી**

**ક્રો.પ.અ. નં.૨૨૦/૨૦૨૪**
**આંક– ૩૪**

**અસારી શાંતાબેન દેવજીભાઈ,**
**ઉ.વ.આ.૫૭, ધર્મે–હીન્દુ,ધંધો–ઘરકામ,**
**હાલ રહે.મકાન નં.૨,વિદ્યુતબોર્ડ કચેરીની બાજુમાં,**
**નવા ભવનાથ,ભીલોડા,તા.ભિલોડા,જી.અરવલ્લી.**
**::– અરજદાર**

વિરુધ્ધ

(૧) **દેવજીભાઈ ભાણાભાઈ અસારી,**
**ઉ.વ.આ.૬૦,ધર્મે–હીન્દુ, ધંધો–નિવૃત,**
**રહે.કમઠાડીયા,પો.ચુનાખણ,તા.ભિલોડા,જી. અરવલ્લી.**

(૨) **શારદાબેન દેવજીભાઈ અસારી,**
**ઉ.વ.આ.૫૫,ધર્મે–હીન્દુ, ધંધો–ઘરકામ,**
**રહે.કમઠાડીયા,પો.ચુનાખણ,તા.ભિલોડા,જી. અરવલ્લી.**
**::– સામાવાળાઓ**

બાબત:–**ઘરેલુ હિંસાથી સ્ત્રીઓની સુરક્ષાના અધિનિયમ –૨૦૦૫ ની કલમ–૧૭,૧૮,૧૯,૨૦,૨૧,૨૨ અને ૨૩ મુજબ.**

| | |
|---|---|
| **અરજદાર તરફે વિ. વ. શ્રી** | **એ.જે.કટારા** |
| **સામાવાળાઓ તરફે વિ. વ. શ્રી** | **બી.એસ.કોટવાલ** |

**-:: ઠરાવ ::-**

(૧) આ કામમા અરજદારની અરજીની ટુંક વિગત જોવામાં આવે તો,આ કામમા અરજદારના લગ્ન સામાવાળા નં.૧ સાથે હીન્દુ આદીવાસી સમાજના રીતરીવાજ પ્રમાણે આશરે ૪૬ વર્ષ પહેલા કમઠાડીયા મુકામે થયેલા તથા અરજદાર અને સામાવાળા નં.૧ કાયદેસરના પતિ પત્ની થયેલા.લગ્નના થોડા સમય પછી સમાજના રીત રીવાજ પ્રમાણે (લફ્રુ ભાંગીને) અરજદારના માતા પિતાએ તથા ભાઈઓએ અરજદારને સોના-ચાંદીના દાગીના તથા ઘરવખરીનો સરસામાન,રાચરચીલુ આપી સાસરે મોકલેલા તથા અરજદાર અને સામાવાળા નં.૧ સંયુકત કુટુંબમાં રહી લગ્નજીવનના હકકો ભોગવતા હતા તથા આદર્શ વહુને શોભે તે રીતે સાસુ-સસરાની સારસંભાળ રાખી ફરજો અદા કરતા હતા.લગ્ન બાદ સામાવાળા નં.૧ આર્મીમાં નોકરી કરતા હોય અરજદારને તેઓના સાસુ-સસરા સાથે મુકી રજાઓ પુરી થતાં ફરજ ઉપર હાજર થવા ગયેલા અને રજાઓ મળતા પરત કમઠાડીયા આવેલા તથા શરુઆતમાં અરજદારને એકાદ-બે વર્ષ સુધી સારી રીતે રાખેલ તથા અરજદારને બે વર્ષમાં સંતાન ન હોવાથી મેણાં મારતા હતા અને શંકા રાખી મારજુડ કરવા લાગેલા પરંતુ અરજદારને સંતાન ન હોવાથી સામાવાળા નં.૧ નો ત્રાસ મુંગા મોઢે સહન કરતા હતા.આ કામના સામાવાળા નં.૧ જયારે રજા ઉપર આવતા ત્યારે દારુ પીવાની ટેવવાળા હોય અરજદારને દારુ પી ગડદાપાટુનો માર મારતા અને ઘરમાંથી કાઢી મુકતા તથા અરજદારને તેના સાસુ-સસરા વચ્ચે મારવાથી બચાવતા હતા તથા અરજદારનુ પીયર રાજસ્થાનના ડબાસા ગામે આવેલ હોય રાજસ્થાનના મજુરની દીકરી કહી મેણાં ટોણા મારી ત્રાસ આપતા અને તારા બાપે કઈ સામાન આપેલ નથી અને ભીખારીની દીકરી મારે જોઈતી નથી તેમ

કહી મેણાંટોણા મારતા તેમ છતાં અરજદાર સામાવાળા નં.૧ નો ત્રાસ સહન કરતા અને લગ્નજીવન નીભાવતા હતા તથા ખેતરોમાં સખત મજુરી કરી તેઓના સાસુ–સસરાની સારસંભાળ રાખતા હતા.ત્યારબાદ સામાવાળા નં.૧ નિવૃત થઈ ઘરે આવેલા અને અરજદાર ગર્ભવતી બનેલા તથા સામાવાળા નં.૧ ના વર્તનમાં સુધારો આવશે તેવુ વિચારી મુંગા મોઢે ત્રાસ સહન કરતા હતા અને અરજદારને તા.૦૧.૦૬.૯૩ ના રોજ એક પુત્ર નામે લક્ષ્મણનો જન્મ થયેલ તથા પુત્રના જન્મ બાદ સામાવાળા નં.૧ સુધરેલા નહી અને દીન પ્રતિદીન વધારે ત્રાસ આપતા હતા અને અરજદાર તથા બાળકની કોઈ સારસંભાળ રાખતા નહી અને દવા માટે ખર્ચ પણ આપતા નહી જેથી અરજદાર તેઓના પીયરમાં થોડો સમય ઓશીયાળુ જીવન જીવી પરત આવેલા અને અરજદારનો પુત્ર પાંચ વર્ષનો થતાં શાળામાં મુકવા માટે પૈસાની માંગણી કરેલ પરંતુ સામાવાળાએ પૈસા આપેલા નહી તથા તારા દીકરાને ભણાવવો હોય તો મજુરી કરી ભણાવ તેવો ઉડાઉ જવાબ આપેલ.વધુમાં સામાવાળ નં.૧ અલગ અલગ સ્ત્રી મિત્રો સાથે વ્યાભીચારી જીવન જીવતા અને એશોઆરામમાં રુપીયા વાપરી નાખતા હતા જેથી અરજદારે ના–છુટકે સામાવાળા નં.૧ વિરુધ્ધ ભરણપોષણનો કલમ–૧૨૫ નો કેસ કરેલ તથા સદર કેસમાં પૈસા આપવા ના પડે જેથી અરજદારને સામાવાળા નં.૧ તેડી ગયેલા.ત્યારબાદ થોડા સમય પછી જાબચીતરીયા ગામની નીવાસી વિધવા શારદાબેનને પત્ની તરીકે સામાવાળા નં.૧ લાવેલ અને આ શારદાબેન ચાર સંતાનો લઈ આવેલા તથા આ તમામના લગ્ન અને સામાજીક વ્યવહારો સામાવાળા નં.૧ એ કરેલા તથા પોતાના પુત્ર લક્ષ્મણના લગ્નનો ખર્ચ આપવાની ના પાડેલી જેથી અરજદારના પુત્રએ મંદીરમાં ફુલહાર વીધી કરી લગ્ન કરેલા તથા અરજદારના દીકરાના લગ્ન થયા બાદ સામાવાળાઓએ મળી અરજદાર તથા તેના પુત્ર અને વહુને ગડદાપાટુનો માર મારી ઘરમાંથી કાઢી મુકેલ અને થોડો સમય

અરજદાર તેના મોટા બહેનના ઘરે વીરપુર મુકામે રોકાયેલા તથા ત્યારબાદ પોતાના પુત્ર અને વહુ સાથે ભીલોડા ખાતે નવા ભવનાથ મુકામે ભાડે મકાન રાખી રહેતા આવેલ છે તથા તે દરમીયાન અરજદાર અવારનવાર કમઠાડીયા મુકામે આવતા જતા હતા.ત્યારબાદ તા.૨૦.૦૩.૨૨ ના રોજ અરજદાર તેઓના પુત્ર સાથે કમઠાડીયા ગયેલા અને ઘર બનાવવા માટે જગ્યાની માંગણી કરતા સામાવાળા નં.૧ નાએ ઘસીને ના પાડેલી અને ઝઘડો કરેલ તથા પોતાના હાથમાંની લાકડીથી અરજદાર અને તેના પુત્રને માર મારવા લાગેલા તથા અરજદારના પુત્ર લક્ષ્મણનો હાથ ફ્રેકચર થઈ ગયેલ તથા અરજદાર અને તેના પુત્રને ઘરમાંથી કાઢી મુકેલા.વધુમાં સામાવાળા નં.૧ નાએ અરજદારને તેડી જવા કોઈ પ્રયત્ન કરેલ નથી કે ભરણપોષણની કોઈ દરકાર કરેલ નથી.અરજદાર હાલમાં પોતાના પુત્ર અને બહેનો સાથે નિસહાય હાલતમાં જીવે છે.આ કામના સામાવાળા નં.૧ આર્મીમાંથી નિવૃત થયેલ હોય માસીક ત્રીસ હજાર જેટલુ પેન્શન મેળવે છે તથા ગાય ભેંસ જેવા દુધાળા પશુ રાખી તેનુ દુધ વેચી માસીક રુપીયા વીસ હજાર જેટલી આવક ધરાવે છે તથા ખેતીકામ કરી વાર્ષિક બે લાખ જેટલી આવક ધરાવે છે.આ કામના સામાવાળા નં.૧ નાએ અરજદારના ભરણપોષણની કોઈ દરકાર કરેલ ન હોય તથા સદરહુ કામના સામાવાળા નં.૧ ઉપર અરજદાર સિવાય બીજા કોઈના ભરણપોષણની જવાબદારી નથી જેથી આ કામે અરજદારે હાલની ફરીયાદ અરજી લાવી જુદી જુદી કલમો હેઠળ રક્ષણ હુકમ અને અરજીના પેરા નં.૮ માં જણાવ્યા મુજબ દાદ માંગેલ છે તથા આ કામમા આંક–૪ થી ઘરેલુ હીંસા બાબતનો પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ રજુ કરવામા આવેલો છે.

(૨) અરજદારની અરજી દાખલ થયા બાદ સામાવાળા વિરૂઘ્ધ નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલો અને સામાવાળા ઉપર નોટીસની બજવણી થઈ જતા સામાવાળા આ અદાલતમાં તેમના વિ.વકીલશ્રી

મારફતે હાજર થઈ આંક–૧૦ થી જવાબ રજુ કરેલ છે.વધુમાં સામાવાળાએ તેઓના આંક–૧૦ વાળા જવાબમાં જણાવેલ છે કે અરજદારની અરજી ખરી નથી અને ઉપજાવી કાઢેલી છે અને તેમને અરજી કરવા કોઈ અધિકાર નથી અને તદન ખોટી હકીકત જણાવી દાખલ કરેલી હોય રદ થવા પાત્ર છે.અરજદારની અરજી માહેના સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયના તમામ મજકુરોનો ઈન્કાર કરેલ છે.વધુમાં સામાવાળાએ જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે,આ કામના અરજદારને સામાવાળાઓએ કોઈ શારીરીક કે માનસીક ત્રાસ આપેલ નથી કે મેણાટોણાં મારેલ નથી કે ગડદાપાટુનો કોઈ માર મારેલ નથી.વધુમાં સામાવાળા નં.૧ નાઓ નિવૃત જીવન જીવે છે તથા બીમાર રહેતા હોય તેઓના પેન્શનની આવક બીમારીની સારવારમાં ખર્ચ થઈ જાય છે તથા તે સીવાય બીજી કોઈ આવક ધરાવતા નથી.વધુમાં અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં રહેવા આવેલ નથી અને સ્વેચ્છાએ ત્યાગ કરેલ હોય તથા સામાવાળા નં.૧ ની મિલકત પડાવી લેવા માટે ખોટા કારણો ઉભા કરી હાલની ખોટી અરજી દાખલ કરેલ છે તથા અરજદાર માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર ન હોય અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામમાં અરજદાર તરફે નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧. | અરજદાર અસારી શાંતાબેન દેવજીભાઈની જુબાની | ૧૧ |
| ૦૨. | વાંસળી ગૃપ ગ્રમ પંચાયત ધ્વારા અરજદારને આપેલ પ્રમાણપત્ર | ૧૬ |
| ૦૩. | અરજદારનુ મેડીકલ સર્ટીફીકેટ | ૧૭ |
| ૦૪. | અરજદારના પુત્રના જન્મના દાખલાની ઝેરોક્ષ નકલ | ૨૬ |

આ કામે અરજદાર તરફે આંક–૨૭ થી કલોજીંગ પુરસીસ રજુ કરેલ છે તથા વધુ કોઈ પુરાવો રજુ કરવો નથી તેવુ જાહેર કરેલ છે.

(૪) આ કામમાં સામાવાળાઓ તરફે નીચે મુજબના મૌખીક પુરાવા રજુ કરેલા છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | સામાવાળા દેવજીભાઈ ભાણાભાઈ અસારીની જુબાની | ૨૨ |

આ કામે સામાવાળાઓ તરફે વધુ કોઈ પુરાવો રજુ કરેલ ન હોય સામાવાળાઓનો વધુ પુરાવાનો હકક આંક–૨૮,૩૨ હેઠળના હુકમથી બંધ કરવામાં આવેલ છે.

(૫) અરજદાર તરફે વિ.વ.શ્રી.એ.જે.કટારાની દલીલ સાંભળી તથા સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી બી.એસ.કોટવાલની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ અરજીના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દા ::–**

| | |
|---|---|
| (૧) | શું અરજદાર નિ:શંકપણે એ પુરવાર કરે છે કે,તેઓ કૌટુંબીક હિંસાનો ભોગ બનેલા છે ? |
| (૨) | શું અરજદાર માંગ્યા મુજબની જુદી જુદી દાદો મેળવવા હકકદાર છે ? |
| (૩) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | હકારમાં, |
| (૨) | અંશત : હકારમાં, |
| (૩) | આખરી હુકમ મુજબ. |

**કારણો અને મુદાઓની ચર્ચા**

(૮) આ કામમા પક્ષકારોએ રજુ કરેલ પુરાવા બાબતે ચર્ચા કરવામાં આવે તો,આ કામ અરજદારે તેમની અરજીની હકીકતો તથા તેના સમર્થનમાં

આંક–૧૧ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તેમાં અરજદારે પોતાની અરજીની હકીકતોને વળગી રહેલ છે અને તેને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે.

(૯) આ કામમાં સામાવાળાઓ ધ્વારા જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં સામાવાળા નં.૧ નિવૃત જીવન જીવે છે તથા કોઈ આવક ધરાવતા નથી કે મિલકત ધરાવતા નથી તથા અરજદારની અરજી ખોટા કારણોસર દાખલ કરેલ હોય જેથી અરજી રદ કરવી જોઈએ તેમ જણાવેલ છે અને અન્ય કોઈ જ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૧૦) આ કામમા આગળ ચર્ચા કરતા પહેલા કૌટુંબીક હિંસા કોને કહેવાય તેની વ્યાખ્યા જોવામાં આવે તો, કૌટુંબીક હિંસાખોરીની વ્યાખ્યા કલમ ૩ માં આપવામાં આવેલી છે અને તેમાં એવું જણાવવામાં આવેલ છે કે,

<u>કલમ :૩</u>

**આ અધિનિયમના હેતુઓ માટે, પ્રતિવાદીનું કોઈ પણ કૃત્ય, કાર્યલોપ, ગુન્હો આચરવો, કે વ્યવહાર કૌટુંબીક હિંસા ગણવામાં આવશે જો તે,..**

**એ) ભોગ બનનાર વ્યકિતના આરોગ્ય, સુરક્ષા, જીવન, અવયવ કે તેની સ્વસ્થતાને (માનસિક હોય કે શારિરીક) નુકશાન કે ઈજા પહોંચાડે તેને જોખમમાં મુકે અથવા તેમ કરવાનો ઈરાદો હોય તથા તેમાં શારિરીક શોષણ, જાતીય શોષણ, મૌખિક તથા ભાવનાત્મક શોષણ અને આર્થિક શોષણનો સમાવેશ થાય છે અથવા**

**બી) કોઈ દહેજ અથવા અન્ય મિલ્કત અથવા કિંમતી જામીનગીરી માટે ગેરકાયદેસર રીતેની માંગણીને પુરી કરવા માટે ભોગ બનનાર વ્યકિત અથવા તેની સાથે સબંધ ધરાવતા વ્યકિત ઉપર દબાણ લાવવો, ભોગ બનાનર વ્યકિતને નુકશાન પહોંચાડવું, તેના ઉપર અત્યાચાર કરવો કે ભયમાં મુકવું અથવા**

**સી) ખંડ–એ અને ખંડ–બી માં જણાવેલા વ્યવહાર દ્વારા ભોગ બનનાર વ્યકિત કે તેની સાથે સબંધ ધરાવતી વ્યકિતને ધમકી આપવી અથવા**

**ડી) ભોગ બનનાર વ્યકિતને શારિરીક, માનસિક કે અન્ય કોઈરીતે ઈજા પહોંચાડવી કે ઈજા પહોંચાડવાનું કારણ બનવું.**

**કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનિયમમાં શારિરીક શોષણ, જાતીય શોષણ,મૌખિક અથવા ભાવનાત્મક શોષણ,આર્થિક શોષણની પણ વ્યાખ્યાઓ કરવામાં આવેલી છે.**

ટુંકમાં કૌટુંબીક હિંસાખોરીની વ્યાખ્યા કરવી હોય તો એવું કહી શકાય કે,જો કોઈ વ્યકિત ભોગ બનનાર વ્યકિતના આરોગ્ય,સુરક્ષા કે જીવનને કે તેના અવયવને નુકશાન કે ઈજા પહોંચાડે અથવા તેને જોખમમાં મુકે તેમજ જો કોઈ વ્યકિત ભોગ બનનારનું શારિરીક શોષણ,જાતીય શોષણ, મૌખિક શોષણ તથા ભાવનાત્મક શોષણ કરે તો કૌટુંબીક હિંસા કહી શકાય.વધુમાં કોઈ દહેજ માટે દબાણ કરવામાં આવે કે ભોગ બનનારની મિલ્કત ઉપર દબાણ લાવવામાં આવે કે ભોગ બનનારની સાથે સબંધ ધરાવનાર વ્યકિત ઉપર દબાણ લાવવામાં આવે તો પણ,તે કૌટુંબીક હિંસા કહી શકાય. કોઈ વ્યકિત ભોગ બનનાર વ્યકિતને કે તેની સાથેની વ્યકિતને શારિરીક જાતીય શોષણ અથવા આર્થિક શોષણ કરવા બાબતે ધમકી આપે અથવા તેમના આરોગ્ય,સુરક્ષા જીવનને નુકશાન કે ઈજા પહોંચાડવાની ધમકી આપે તો પણ તે કૌટુંબીક હિંસા ગણાય.

**(૧૧)** આ કામમાં અરજદારનું સોગંદનામું તથા તેની સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા તથા નામ.સુપ્રિમ કોર્ટના હુકમ મુજબનું સોગંદનામું વંચાણે લીધુ તથા ઘરેલુ હીંસાનો અહેવાલ વંચાણે લીધો તથાબંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી.હવે આ બાબતે ચર્ચા કરવામાં આવે તો,અરજદાર

તરફે મુખ્ય રજુઆત એવી કરવામાં આવેલ છે કે તેમના પતિ દારુ પીતા હતા અને મારજુડ કરતા હતા અને શારીરીક માનસીક ત્રાસ આપી અરજદારને તેમના પિતાના ઘરે જવા કાઢી મુકતા હતા અને ગાળો આપતા હતા.આ કામમા સામાવાળાઓએ રજુ કરેલ પુરાવાથી અરજદારના પુરાવાની હકીકતનુ ખંડન થયેલ નથી જેથી અરજદારની અરજી તથા પુરાવો જોતા આ કામના અરજદારના પતિ દારુ પીને મારજુડ કરતા હતા અને ઘરમાંથી કાઢી મુકતા હતા તેવુ જણાય છે અને ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણના કાયદાની કલમ–૩ ની વ્યાખ્યા જોતાં તે બધા કૃત્યોનો ઘરેલુ હિંસામાં સમાવેશ થાય છે જેથી આ કામના અરજદાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલ હોવાનું જણાય છે જેથી **મુદ્દા નં.૧** નો જવાબ **હકાર**માં આપવામાં આવે છે.

**(૧૨)** આ કામમાં અરજદાર ધ્વારા રક્ષણ હુકમ,રહેઠાણ અથવા ભાડાના હુકમ,નાણાંકીય રાહતના હુકમની તથા ઉચ્ચક રકમની માંગણી કરેલ છે.હવે આ કામમાં માંગવામાં આવેલ દાદના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવે તો રક્ષણ હુકમની માંગેલ છે.આ બાબતે ચર્ચા કરવામાં આવે તો અરજદારને સામાવાળા મારકુટ કરતા હતા અને ગાળો આપતા હતા અને ઘરમાંથી કાઢી મુકતા હતા તેવા આક્ષેપ કરેલ છે જેથી સામાવાળા ભવિષ્યમા આવો ગુનાહીત કૃત્ય ન કરે તે માટે રક્ષણ હુકમનો આદેશ કરવો વ્યાજબી જણાય છે.

**(૧૩)** આ કામે અરજદાર ઘરેલું હિંસાનો ભોગ બનેલા છે તેવું જણાઈ છે અને આ કામમાં સામાવાળાઓએ રજુ કરેલ પુરાવાથી અરજદારની અરજીની હકીકત તથા પુરાવાની હકીકતને ખંડન કરતુ નથી તથા સામાવાળા તરફે રજુ કરેલ પુરાવાથી જવાબની હકીકતને સમર્થન કરેલ નથી.આ કામમાં અરજદાર ધ્વારા મકાન ભાડાની અંકે રૂપિયા પાંચ હજાર માગણી કરેલ છે.આ બાબતે ચર્ચા કરવામાં આવે તો હાલમાં અરજદાર ભીલોડા

ગામે રહે છે જે ભીલોડા તાલુકો તથા ગ્રામ્ય પ્રદેશોની ભૌગોલિક પરીસ્થીતી જોતાં ભીલોડા તાલુકામાં આટલું બધુ ભાડું હોઈ શકે નહી.આ કામમાં અરજદાર જે મકાન ભાડુ માગે છે તેવું ભાડુ દર્શાવવા માટે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને તાલુકા વિસ્તારમાં સહેલાઈથી એક હજાર રૂપિયામાં મકાન ભાડે મળી શકે જેથી આ કામમાં અરજદારે માગ્યા મુજબના ભાડાનો હુકમ કરી શકાય નહી પરંતુ સામાવાળાએ અરજદારના રહેણાકની વ્યવસ્થા કરવી અથવા તો વિકલ્પે માસીક રૂપિયા એક હજાર ભાડુ ચુકવવાનો આદેશ કરવામાં આવે તો ન્યાયીક જણાઈ છે.

**(૧૪)** આ કામમાં અરજદારે તેમના માટે રૂા.૨૦,૦૦૦/- ના ભરણપોષણની માંગણી કરેલ છે.આ કામમા સામાવાળાની આવક બાબતે એવી હકીકત જણાવેલ છે કે સામાવાળા આર્મીમાંથી નિવૃતી પેન્શન,ખેતીની જમીન ધરાવી તથા ઢોરઢાંખર રાખી વાર્ષિક રુ.આઠ લાખ ઉપરાંતની આવક મેળવે છે આ કામમા તે આવક દર્શાવવા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.આ કામમાં સામાવાળાઓએ પુરાવો આપીને આ હકીકતનો કોઈ ઈનકાર કરેલ નથી પરંતુ જવાબમાં તેઓ બીમાર રહેતા હોય તથા પેન્શનની આવક બીમારીના ખર્ચમાં વપરાઈ જતી હોય તથા તે સીવાય બીજી કોઈ આવક ન ધરાવતા હોવાનુ જણાવેલ છે પરંતુ આ કામમા અરજદારના પુરાવા સીવાય સામાવાળાની આવક દેખાડવા કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી.વધુમાં ભરણપોષણની રકમ નકકી કરતી વખતે પક્ષકારોની સ્થીતી,અરજદારની વ્યાજબી જરૂરીયાત,અરજદારની આવક,કેટલી વ્યકિતને નીભાવવાના છે તે બાબતેનો ખર્ચ,અરજદાર તથા સામાવાળાની જવાબદારીઓ તેમજ અંદાજીત આવક અને ખર્ચ જેવી બાબતો ધ્યાનમાં લેવાની હોઈ છે.આ કામમા અરજદારે જણાવેલી રકમને દલીલ ખાતર માની લેવામા આવે તો પણ સામાવાળાની માસીક

આવક પંદર હજાર જેવી થાય અને અરજદારે માસીક વીસ હજાર ભરણપોષણની માગણી કરેલ છે જેથી માગ્યા મુજબનુ ભરણપોષણ મંજુર કરી શકાય નહી.આ કામમા અરજદારે જણાવેલી સામાવાળાની આવક તેમના કહેવા મુજબ ગણી લેવામા આવે અને અરજદાર અને સામાવાળાની આર્થીક પરીસ્થીતી ધ્યાને લેવામા આવે તો અરજદારને રુ.૩૦૦૦/–(અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) માસીક ભરણપોષણ ચુકવવાનો હુકમ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે.

**(૧૫)** આ કામમાં અરજદારે કૌટુંબીક હિંસા બાબતે વળતરની માંગણી કરેલી છે.આ કામમાં અરજદાર કૌટુંબીક હિંસાખોરીનો ભોગ બનેલા છે તેવું જણાય આવે છે.આ કામે અરજદારને સામાવાળાએ શારિરીક અને માનસિક ત્રાસ આપવામાં આપતા હતા અને આ કામે સામાવાળા દારુ પીને મારજુડ કરતા હતા અને તારા બાપાના ઘરે જતી રહે અને પૈસા લઈ આવ તેવુ કહેતા હતા તેવો આક્ષેપ કરવામા આવેલ છે.આ કામમા અરજદારે માંગેલ શારીરીક માનસીક ત્રાસ બાબતનુ વળતર વધારે પ્રમાણમા જણાય છે જેથી આ કામમાં ઉચ્ચક વળતર તરીકેનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું માનવું છે જેથી રૂા.૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) એક વખત વળતર તરીકે ચુકવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું માનવું છે.આમ,ઉપરોકત ચર્ચા જોતાં **મુદા નં.ર** નો જવાબ **આંશિક હકારમાં** આપવામાં આવે છે અને અરજદાર આંશીક દાદ મેળવવા હકકદાર છે તેવું ઠરાવવામાં આવે છે અને **મુદા નં ૩** અન્વયે ન્યાય ના વિશાળ હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

<u>**–:: આખરી હુકમ ::–**</u>

હાલની અરજદારની અરજી આંશિક મંજુર કરવામાં આવે છે.

કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણની કલમ-૧૮ મુજબ સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે,તેમણે અરજદાર સાથે કોઈ કૌટુંબીક હિંસાનું કૃત્ય કરવું નહી.

કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણની કલમ-૧૯ મુજબ સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે,તેઓએ અરજદારના રહેણાંકની વ્યવસ્થા કરવી વિકલ્પે દર માસે તેમને ભાડાની રકમ રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) અરજી તારીખથી ચુકવી આપવા.

કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણની કલમ-૨૦ મુજબ સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે,દર માસે ભરણ પોષણ અરજદારને રૂા.૩,૦૦૦/-(અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) અરજી તારીખથી ચુકવી આપવા.

કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણની કલમ-૨૨ મુજબ સામાવાળાને આદેશ કરવામાં આવે છે કે,તેઓએ અરજદારને વળતર પેટે રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) લમ્પસમ એક વખત ચુકવી આપવા.વધુમાં એ બાબત સ્પષ્ટ કરવામાં આવે છે કે,કલમ-૨૨ મુજબની વળતરની રકમ માત્ર એક વખત જ ચુકવવા પાત્ર થશે.

આ હુકમની નકલ અરજદારને વિના મુલ્યે આપવી.

**આ હુકમ આજરોજ તારીખ ૦૭ મી,માહે-માર્ચ,સને-૨૦૨૬ નાં ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા : ૦૭/૦૩/૨૦૨૬** **(એમ.એ.મકરાણી)**
**સ્થળ : ભીલોડા** **એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**ભીલોડા**
**(જજ કોડ : જીજે૦૧૦૦૭)**